# COC

Name :- Rathva Jignisha Dinesh Bhai

PNR No. :- COC2025250

રોલ નં. :- 250

collage name :- R. R. Lalan collage

subject :- COC

સેમેસ્ટર :- 1

સહી :- Jignisha

નામ:- Rathva Jignisha Dinesh Bhai
સહી- Jignisha

DOMS Page No.
Date / /

• શૈક્ષણિક મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ તરીકે મુલાકાત અને પ્રશ્નાવલી પદ્ધતિનો સવિસ્તાર વર્ણવો.

* પ્રસ્તાવના

શૈક્ષણિક મનોવિજ્ઞાન સૌથી મુખ્ય હેતુ શિક્ષકોના જરૂરી કૌશલ્ય અને ક્ષમતાઓને એવી રીતે લાયક બનાવવાનો છે. વિભિન્ન શૈક્ષણિક સ્તરો ઉપર વિદ્યાર્થીઓના વ્યવહારોને સમજી શકે નિયંત્રિત કરી શકે અને તેમના વિશે અનુમાનો લગાવી શકે છે. પોતાના હેતુની પૂર્તિ માટે શૈક્ષણિક મનોવિજ્ઞાનિકોએ પોતાના વિભિન્ન પદ્ધતિઓ દ્વારા વિદ્યાર્થીના વર્તન સંબંધિત સમસ્યાનો અભ્યાસ કરવા માટે આંકડાઓનો સંગ્રહ કરે છે. વર્ગ શિક્ષણ દરમિયાન શિક્ષક સમક્ષ કેટલીક સમસ્યાઓ ઉદ્ભવે છે. આવા શિક્ષક સંબંધિત પ્રશ્નોના ખાતરી પૂર્વકના ઉત્તરો પ્રાપ્ત કરવા શિક્ષક જે અભ્યાસ પદ્ધતિઓનો ઉપયોગ કરવો જરૂરી છે તેને શૈક્ષણિક મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ કહે છે. શૈક્ષણિક મનોવિજ્ઞાનની પદ્ધતિઓ શું છે? તેનું અવલોકન કે મૂલ્યાંકન વિદ્યાર્થીનું કરવાનું હોય તો તેનું વર્તન જે બાબતોને લીધે વર્તન કરે છે તેને સમજવા માટે શૈક્ષણિક મનોવિજ્ઞાનનો ઉપયોગ હોય છે. શૈક્ષણિક મનોવિજ્ઞાનના વિષયવસ્તુના વર્તનના અભ્યાસ માટે ઉપયોગમાં લેવાતી એ પદ્ધતિઓ છે. જે નીચે પ્રમાણે વિસ્તૃત સમજૂતી છે.

Scanned with AnyScanner

નામ - Rathva Jignisha Dinesh Bhai
સહી - Jignisha

DOMS Page No.
Date / /

* (1) મુલાકાત પદ્ધતિ:-

મુલાકાત પદ્ધતિ એ એવી અભ્યાસ પદ્ધતિ છે જેમાં સંશોધક અથવા શિક્ષક, વ્યક્તિ સાથે મુખામુખી વાતચીત દ્વારા તેની માનસિક પ્રક્રિયા, વિચારો અને સમસ્યાઓ વિશે માહિતી મેળવે છે. મુલાકાત એક અભ્યાસ પદ્ધતિ પણ છે. જેની મદદથી મહત્વપૂર્ણ માહિતી એકત્રિત કરવામાં આવે છે. મુલાકાતને અંગ્રેજીમાં 'Interview' કહેવામાં આવે છે. અંગ્રેજી શબ્દ 'Interview' બે શબ્દોનો બનેલો છે એટલે કે Inter + view = Interview. અંગ્રેજી શબ્દ Inter નો અર્થ છે અંદર અને view નો અર્થ છે જોવું. આમ જોવાની પ્રક્રિયા એ જ મુલાકાત છે. વ્યક્તિનો અભ્યાસ કરવામાં આવી શકાય છે. તેઓની આંતરિક બાબતોમાં જોવા મળે છે. મુલાકાત એક એવી પદ્ધતિ અનુભવ જેના દ્વારા આપણે અભ્યાસ એકમોના એવા અનુભવો અને વિચારો વગેરે વિશે માહિતી પ્રાપ્ત કરી શકીએ છીએ. ઓલપોર્ટનું કહેવું છે કે 'જો આપણે એ જાણવા માગતા હોઈએ કે લોકો કઈ રીતે અનુભવે છે, શું અનુભવે છે, શું યાદ રાખે છે, તેના આવેગ અને પ્રેરણાઓ કયા પ્રકારની છે તેઓના કાર્ય કરવાનું કારણ શું છે. મુલાકાત એ પદ્ધતિએ વિગતવાર અને ઊંડાણપૂર્વક માહિતી આપે છે.

સામાન્ય રીતે જો કે બે થી વધુ વ્યક્તિઓ દ્વારા કોઈ વિશેષ હેતુ માટે આમને સામને અથવા મોઢા-મોઢ અથવા સામ-સામે કરવામાં આવેલ વાતચીતને મુલાકાત કહેવામાં આવે છે.

Scanned with AnyScanner

નામ:- Rathva Jignisha Rajesh Bhai

સહી- Jignisha

DOMS Page No.
Date / /

મુલાકાત એટલે સામસામે કરવામાં આવેલ એક પરસ્પર વાર્તાલાપ છે જેમાં એક વ્યક્તિ બીજા વ્યક્તિ પાસેથી અમુક માહિતી પ્રાપ્ત કરે છે.

- ડેન્ઝીન

મુલાકાત એ એક એવી આંતરવૈયક્તિક પારસ્પરિકતા છે જેમાં મુલાકાતથી સંશોધનને લગતા પ્રશ્નોના ઉત્તર આપે છે.

- કરલીંગર

* મુલાકાત પદ્ધતિના પ્રકારો :-

સામાન્ય રીતે મુલાકાત પદ્ધતિના અનેક રીતે પ્રકાર પડે છે. પરંતુ શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં અભ્યાસમાં ઉપયોગી બની શકે તેવા અમુક પ્રકારો નીચે પ્રમાણે છે.

(1) સંરચિત મુલાકાત
(2) અસંરચિત મુલાકાત
(3) અર્ધ-સંરચિત મુલાકાત

* (1) સંરચિત મુલાકાત

"સંરચિત મુલાકાત એટલે મુલાકાત છે જેમાં મુલાકાતની સંરચના પૂર્વનિર્ધારિત હોય છે અને મુલાકાતકર્તાને સંશોધન સમસ્યાને લગતા નિશ્ચિત કે ચોક્કસ પ્રશ્નો સિવાય અન્ય પ્રશ્નો પૂછવાની સ્વતંત્રતા નથી હોતી તથા મુલાકાતકર્તાને મુલાકાતની પ્રક્રિયાને પણ પરિવર્તિત કરવાની સ્વતંત્રતા નથી હોતી. મુલાકાતકર્તા નિર્ધારિત મુલાકાત પ્રક્રિયાથી

નામ- Rathva Jignisha Dinesh Bhai
સહી- Jignisha..

DOMS Page No.
Date / /

અને નિર્ધારિત પ્રશ્નો દ્વારા જ ચોક્કસ સમયમાં નિરપેક્ષ રીતે મુલાકાતને પુરી કરીને માહિતીનું એકત્રીકરણ કરે છે.

- ડૉ. એન. શ્રીવાસ્તવ

આ પ્રકારની મુલાકાતના અનેક નામ છે જેમ કે નિયંત્રિત મુલાકાત, નિર્દેશિત મુલાકાત, પ્રમાણિત મુલાકાત, તથા માર્ગદર્શક મુલાકાત. આ પ્રકારની મુલાકાતમાં મુલાકાતકર્તાનું મુલાકાત પર નિયંત્રણ હોય છે

સંરચિત મુલાકાત રચનામાં મુલાકાતકર્તા મુલાકાત લેતા પહેલા જ પ્રશ્નોનું નક્કી કરી લે છે મોટાભાગે આ રીતે બનાવવામાં આવતી પ્રશ્નાવલીને મુલાકાત અનુસૂચિ કહેવામાં આવે છે. તેમાં તૈયાર કરવામાં આવેલ પ્રશ્નો એક નિશ્ચિત ક્રમમાં હોય છે સમસ્યા સાથે સંબંધિત. દરેક વ્યક્તિઓને લાગતા હોય છે. મુલાકાતકર્તા આ પ્રશ્નાવલીમાં લખેલા પ્રશ્નોને જ પૂછે છે. મુલાકાત અનુસૂચિમાં પ્રશ્નો એ રીતે તૈયાર કરવા જોઈએ કે પ્રશ્નોના ઉત્તરોથી ગુણાત્મક માહિતીના બદલે માત્રાત્મક માહિતી પ્રાપ્ત. મુલાકાતકર્તાઓએ પોતાની મુલાકાત અનુસૂચિમાં પ્રશ્નો તૈયાર કરવા જોઈએ જેનો ઉત્તર 'હા', 'ના' કે 'ખબર નથી' વગેરેના રૂપમાં આપી શકાય છે જેથી સ્કોરિંગ કરીને ઉત્તરદાતાના જવાબોને આંકમાં ફેરવી શકાય નિશ્ચિત કે સીમિત લાગણીવાળા પ્રશ્નોથી ઉત્તરદાતા પર નિયંત્રણ રહે છે અને દરેક વ્યક્તિને એક સરખા જ પ્રશ્ન પૂછવાનો રસ્તો સરળ થઈ જાય છે

સંરચિત મુલાકાતનો સમય, સમયગાળો તથા સ્થળ નિશ્ચિત હોય છે. 'ક્યારે' કે મુલાકાત કેટલા વાગ્યે શરૂ થશે, મુલાકાતનો સમયગાળો કેટલો હશે તથા મુલાકાત

નામ- Rathva Jignisha Dinesh Bhai
સહી- (signature)

DOMS Page No.
Date / /

ક્રમ અગાઉ લેવામાં આવનાર વગેરે પૂર્વ નિશ્ચિત હોય છે. સંરચિત મુલાકાતમાં એક પ્રકારની ક્રમબદ્ધ મુલાકાત લેવામાં આવે છે કારણ કે તેમાં મુલાકાતની પ્રક્રિયા અને પ્રશ્નોનો ક્રમ નિશ્ચિત હોય છે. મોટા ભાગે આ પ્રકારની મુલાકાતનું સ્વરૂપ વસ્તુલક્ષી હોય છે, તે આંકડાના સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે.

સંરચિત મુલાકાતમાં પ્રશ્નો હંમેશા એવા નથી બનાવી શકાતા કે જેનાથી માત્રાત્મક કે સંખ્યાત્મક માહિતી જ પ્રાપ્ત થાય છે. પ્રશ્નો તો બનાવી શકાય છે જેનાથી ગુણાત્મક માહિતી પ્રાપ્ત થાય છે, પરંતુ એવા પ્રશ્નો નથી બનાવી શકાતા જેનાથી માત્રાત્મક માહિતી જ પ્રાપ્ત થાય છે. જેથી મુલાકાતકર્તાએ બે વિકલ્પોમાંથી એક વિકલ્પ પસંદ કરવો પડે છે.

(1) સંશોધન સમસ્યા સાથે સંબંધિત અમુક મહત્વપૂર્ણ પાસાઓનો અભ્યાસ ન કરે.
(2) તે આ મહત્વપૂર્ણ પાસાઓ કે બાબતોને લગતા એવા પ્રશ્નો બનાવે જેનાથી ગુણાત્મક માહિતી પ્રાપ્ત થઈ શકે.
અર્ધ સંરચિત મુલાકાત અમે તો સંરચિત મુલાકાત સાથે મળતી આવે છે

લાભ

1. પ્રશ્નો પહેલેથી નક્કી હોવાથી પક્ષપાતની શક્યતા ઓછી રહે છે.
2. બધા ઉત્તરદાતાઓને એકસરખા પ્રશ્નો પૂછવામાં આવે છે.
3. ઓછા સમયમાં વધુ માહિતી મેળવી શકાય છે.
4. પ્રશ્નો તૈયાર હોવાથી મુલાકાત ઓછા સમયમાં પૂર્ણ થાય છે.

Scanned with AnyScanner

નામ- Rathva Jignisha Dinesh Bhai
સહી- Jignisha..

DOMS Page No.
Date / /

## મર્યાદા

1. પ્રતિભાવદાતાની લાગણીઓ અને અનુભવ ઊંડાણપૂર્વક જાણી શકાતા નથી.
2. પ્રશ્નોની તૈયારી માટે વધુ સમય અને મહેનત જરૂરી બને છે.
3. પ્રશ્નનિર્માણમાં મુશ્કેલી જોવા મળે છે
4. ઓછી ઉપયોગિતા

(2) અસંરચિત મુલાકાત

અસંરચિત મુલાકાત એવી મુલાકાત છે જેમાં મુલાકાત સંરચના અગાઉથી નક્કી નથી હોતી અને મુલાકાતકર્તાને પોતાની સંશોધન સમસ્યાના સંબંધમાં પ્રશ્ન પૂછવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોય છે તથા મુલાકાતકર્તા મુલાકાત પ્રક્રિયાને પરિવર્તિત કરવાની પણ સ્વતંત્રતા હોય છે. ઉત્તરદાતાના મનોભાવો અને મનોદશાઓની આવશ્યકતા અનુસાર તે મુલાકાત પ્રક્રિયામાં જરૂરી પરિવર્તન કરવા માટે સ્વતંત્ર હોય છે.

મુલાકાત કરતા પહેલા મુલાકાતની સંરચનાનું નિર્ધારણ મુલાકાતકર્તા નથી કરતો. આ પ્રકારની મુલાકાતનો ઉપયોગ નૃવંશશાસ્ત્રીઓએ આદિમાન સમાજની સમસ્યાના અભ્યાસ માટે કર્યો છે. મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર અને સામાજિક મનોવિજ્ઞાનની સમસ્યાઓના અભ્યાસો મુલાકાતની આ પદ્ધતિ પર ઘણા બધા થયા છે.

આ પ્રકારની મુલાકાતમાં મુલાકાતકર્તા પ્રશ્નોની યાદી, મુલાકાતની યોજના, મુલાકાત પ્રક્રિયાની વગેરે અગાઉથી જ તૈયાર નથી કરતો. તે ઉત્તરદાતાની મુલાકાત લેતા વખતે જ ઉત્તરદાતાના

Scanned with AnyScanner

નામ - Ruthva Jignisha Dinesh Bhai
સહી - Jignisha



મનોભાવો અને મનોદશાઓને ભેદની આવશ્યકતાનુસાર જ પ્રશ્ન પૂછે છે અને સમસ્યાને જગતી માહિતી ઉત્તરદાતા પાસેથી એકઠી કરે છે મુલાકાત લેવાની ટેકનિકમાં કુશળ છે. કારણ કે ઉત્તરદાતાની મનોભાવો અને મનોદશાઓને ઓળખવી સરળ નથી. સમસ્યાના દરેક પાસાઓ પર સમયને ધ્યાનમાં રાખીને પ્રશ્નો કઈ રીતે પૂછવા? આવી બાબી મુલાકાતનું સંચાલન અનુભવી મુલાકાતીઓ જ કરી શકે છે અસંરચિત મુલાકાત મુલાકાતી દ્વારા માહિતીઓ અને પુરુષો બંને સાથે અનૌપચારિક વાતચીત કરી.

## લાભ:-

1. પ્રશ્નો નક્કી ન હોવાને કારણે સ્વતંત્ર વાતચીત થાય.
2. પરિસ્થિતિ અનુસાર અભ્યાસમાં લચીલાપણું
3. પરિસ્થિતિ પ્રમાણે પ્રશ્નોમાં ફેરફાર કરી શકાય છે.
4. વ્યક્તિના ભાવ, વલણ, અનુભવોની વિગતવાર માહિતી મળે છે.

## મર્યાદા

1. વધુ સમય અને મહેનત લાગે છે.
2. યોગ્ય તાલીમ ન હોય તો માહિતી અધૂરી રહી શકે.
3. પૂર્વગ્રહની અસર થઈ શકે.
4. કુશળ મુલાકાતકર્તાની જરૂરિયાત હોય છે.

નામ - Rathva Jignisha Dinesh Bhai
સહી - Jignisha..

DOMS Page No.
Date / /

## (3) અર્ધ - સંરચિત મુલાકાત

આ પ્રકારની મુલાકાતમાં સંરચિત અને અસંરચિત મુલાકાત બંનેનું મિશ્રિત મિશ્રિત સ્વરૂપ જોવા મળે છે. આ પ્રકારની મુલાકાતમાં અસંરચિત મુલાકાતના લક્ષણો ઓછા અને સંરચિત મુલાકાતના લક્ષણો વધુ જોવા મળે છે. આ વિશેષતાને કારણે જ આ પ્રકારની મુલાકાતને અર્ધ - સંરચિત મુલાકાત કહે છે. સમસ્યા કોઈ ઘટના કે પરિસ્થિતિ સાથે સંબંધિત હોય છે અને સંપૂર્ણ મુલાકાત આ ઘટના કે પરિસ્થિતિ પર જ કેન્દ્રિત હોય છે. આ માટે તેને કેન્દ્રિત કે અર્ધ સંરચિત મુલાકાત કહે છે. અર્ધ સંરચિત મુલાકાત એવી મુલાકાત છે જેમાં અભ્યાસ કરવામાં આવતી સમસ્યાની કોઈ ઘટના સાથે સંબંધ હોય છે અને મુલાકાતકર્તાની તેની વધુમાં વધુ માહિતી મેળવવા માંગે છે. તે સમસ્યાના અભ્યાસમાં સંરચિત અને અસંરચિત મુલાકાત બંને પ્રકારની પદ્ધતિઓનો પ્રયોગ કરે છે. વાતચીત દરમિયાન લોકોને મુક્ત રીતે તેમની માન્યતાઓ, રિવાજો અને પ્રતિમાનો વ્યક્ત કર્યા. અર્ધ-સંરચિત મુલાકાત દ્વારા વ્યક્તિગત અનુભવ સંબંધ સરળતાથી જાણવા મળે છે.

લાભ

1. પૂર્વનિર્ધારિત પ્રશ્નો હોવાથી ચર્ચા વ્યવસ્થિત રહે છે.
2. જરૂર મુજબ વધારાના પ્રશ્નો પૂછવાની સ્વતંત્રતા મળે છે.
3. માહિતી ઊંડાણપૂર્વક અને સ્પષ્ટ મળે છે.
4. કેસ સ્ટડી માટે ઉપયોગી

Scanned with AnyScanner

નામ- Rathva Jignisha Dinesh Bhai

Jignisha

| DOMS | Page No. |
|---|---|
| Date / / | |

## મર્યાદા

1. તમામ વ્યક્તિઓની ઓેસરમાં અનુભવ ન મળે.
2. ઇન્ટરવ્યુ લેનારની પક્ષપાત વલણ શક્યતા રહે.
3. વિશ્લેષણ કરવામાં મુશ્કેલી પડી શકે.

## (2) પ્રશ્નાવલી પદ્ધતિ

પ્રશ્નાવલી એ પદ્ધતિ એ એવી અભ્યાસ પદ્ધતિ છે જેમાં સંશોધક દ્વારા તૈયાર કરવામાં લેખિત પ્રશ્નો દ્વારા ઉત્તરદાતાઓ પાસેથી માહિતી મેળવવામાં આવે છે. પ્રશ્નાવલી વર્ણનાત્મક સંશોધનોમાં માહિતી એકત્ર કરવાનું અને સંશોધન સમસ્યાઓનું અધ્યયન કરવાનું ઘણું પ્રચલિત અને લોકપ્રિય સાધન છે, પ્રશ્નાવલી એક એવા પ્રશ્નોની હારમાળા હોય છે જેમાં સંશોધન સમસ્યા સાથે સંબંધિત કેટલાક પ્રશ્નો આપવામાં આવ્યા હોય છે જેને ધ્યાનપૂર્વક વાંચીને ઉત્તરદાતા તેનો ઉત્તર પોતાના અનુભવના આધારે આપે છે અને ત્યારબાદ તે પ્રશ્નાવલી સંશોધનકર્તાને પરત કરે છે. મોટા ભાગે પ્રશ્નોને એક પુસ્તિકાના રૂપમાં છાપવી દેવામાં આવે છે જેને પ્રશ્નાવલી પુસ્તિકા કહેવામાં આવે છે.

એક ફોર્મની મદદથી ઉત્તર આપવામાં આવે છે તથા જેને ઉત્તરદાતા સ્વયં ભરે છે, જે પ્રશ્નો કે વિગતો હોય છે જેનો ઉત્તર વ્યક્તિ પોતે આપે છે.

Scanned with AnyScanner

નામ:- Rathva Jignisha Dinesh Bhai

સહી - Rathva

DOMS Page No.

Date / /

પ્રશ્નાવલીને એક ફોર્મના રૂપમાં તૈયાર કરવામાં આવે છે જેમાં પ્રશ્ન, તેના ઉત્તરો માટેના વિકલ્પો અને ઉત્તર માટે જગ્યા, ઉત્તરદાતાનું નામ, સરનામું, વ્યવસાય વગેરે લખવા માટે પણ પર્યાપ્ત જગ્યા હોય છે. પ્રશ્નાવલીની એક વિશેષતા એ પણ છે કે તેને ઉત્તરદાતા પોતે જ વાંચે છે તથા છાપવામાં આવેલ પ્રશ્નોના ઉત્તર પણ પોતે જ આપે છે. પ્રશ્નાવલી પદ્ધતિના ઉપયોગમાં લેવામાં આવેલ વિગતો કે પ્રશ્નોને આધારે પ્રશ્નાવલીના બે પ્રકાર દર્શાવ્યા છે તે નીચે પ્રમાણે છે

- પ્રશ્નાવલી પદ્ધતિના પ્રકાર

(1) બંધ પ્રશ્નાવલી
(2) ખુલ્લી પ્રશ્નાવલી

(1) બંધ પ્રશ્નાવલી

નિશ્ચિત અથવા સીમિત વિગતોવાળી પ્રશ્નાવલીને બંધ પ્રશ્નાવલી પણ કહેવામાં આવે છે. આ પ્રશ્નાવલીના વિગતો કે પ્રશ્નોનું સ્વરૂપ એવું હોય છે કે જેનો ઉત્તર ~~[illegible]~~ નિશ્ચિત હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં પ્રતિક પ્રશ્ન કે વિગતના અમુક સંભવિત ઉત્તરો આપી દેવામાં આવે છે. અને આ જ ઉત્તરોમાંથી પસંદ કરીને ઉત્તરદાતા પોતાની પ્રતિક્રિયા આપે છે. અહીં આપેલ વિકલ્પોમાંથી જ ઉત્તરદાતાએ જવાબ આપવાનો હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં નીચે મુજબના પ્રશ્નો હોય છે

-> પરંપરાગત વસ્ત્રો તમે ક્યારે પહેરો છો ?

(અ) હંમેશા

Scanned with AnyScanner

નામ → Rathva Jignisha Dineshbhai

સહી- Jignisha

(અ) તદ્દન સમંત
(બ) મોટે ભાગે
(ક) ક્યારેય નહી.

આમ બંધ પ્રશ્નાવલીમાં ઉત્તરદાતાઓને આપવામાં આવેલ વિકલ્પોમાંથી પોતાનો ઉત્તર પસંદ કરવાનો હોય છે. વિકલ્પોમાંથી કોઈ એક ઉત્તર દરેક ઉત્તરદાતા માટે સાચો ન પણ હોઈ શકે અને એવું પણ ન બની શકે કે એક જ સરખો ઉત્તર દરેક ઉત્તરદાતા આપે.

લાભ

→ થોડા સમયમાં વધુ માહિતી મળે.
→ મોટા સમૂહ માટે યોગ્ય
→ ઉત્તર આપવામાં સરળતા
→ સમયનો બચાવ

મર્યાદા

→ અંગત વિચારો જાણી શકાય નહિ
→ અશિક્ષિત માટે ઉપયોગી નથી.
→ પ્રશ્ન ~~અ~~

(2) ખુલ્લી પ્રશ્નાવલી

વિસ્તૃત વિગતોવાળી પ્રશ્નાવલીને ખુલ્લી પ્રશ્નાવલી પણ કહે છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં ઉત્તરદાતા આપવામાં આવેલ પ્રશ્નોના જવાબ પોતાના શબ્દોમાં આપે છે. સંશોધનકર્તા દ્વારા પ્રશ્નોના જવાબ માટે

નામ:→ Rathva Jignisha Dinesh Bhai

સહી :- [signature]

DOMS Page No.
Date / /

કોઈ પ્રક્રિયા સમય આપવામાં આવતા નથી. ઉત્તરદાતા આપવામાં આવેલ પ્રશ્નોને વાંચીને તેને સમજીને તેનો ઉત્તર પોતાના શબ્દોમાં પ્રશ્નોની ખાલી જગ્યામાં લખી શકાય છે. આ પ્રકારના પ્રશ્નોના ઉત્તર તે એક પંક્તિમાં કે એક થી અધિક પંક્તિઓમાં આપી શકે છે. આ પ્રકારના પ્રશ્નો નાના મુક્ત હોઈ શકે છે

→ લોકોએ કોઈ પણ કાર્ય કરવું હોય તો શું કરવું જોઈએ.

સ્પષ્ટ છે કે વિસ્તૃત જવાબવાળા પ્રશ્નોમાં ઉત્તરદાતા દ્વારા આપવામાં આવેલ ઉત્તરોના આધારે તેના ઉત્તરના કારણો અને સંદર્ભનો પણ ખબર પડે છે.

લાભ

1. સમય વધારે લાગે છે.
2. ઉત્તરદાતા પોતાના વિચારો મુક્તમને વ્યક્ત કરી શકે છે.
3. નવા વિચારો અને અભિપ્રાયો જાણવા મળે છે

મર્યાદા

1. જવાબોની તુલના કરવી મુશ્કેલ બની રહે છે
2. વિસ્તૃત-જવાબવાળા પ્રશ્નો હોય છે
3. અર્થઘટનમાં પક્ષપાતની શક્યતા

Scanned with AnyScanner

નામ - Rathva Jignisha Dinesh Bhai

સહી:- Jignisha.

DOMS Page No.
Date / /

પ્રશ્નાવલી પદ્ધતિમાં આ ઉપરાંત પણ અલગ અલગ મનોવૈજ્ઞાનિકોએ પ્રકારો પાડેલા છે. જેમ કે મિશ્રિત પ્રશ્નાવલી, ચિત્રમય પ્રશ્નાવલી, સંરચિત પ્રશ્નાવલી, અસંરચિત પ્રશ્નાવલી વગેરે જોવા મળે છે.

* ~~પ્રશ્ન~~:- પ્રશ્નાવલી પદ્ધતિના લાભ અને મર્યાદા:-

લાભ

1. વિશાળ સમુદાયપણા અભ્યાસમાં ઉપયોગી એક સાથે ઘણા લોકો સુધી પ્રશ્નાવલિ પહોંચાડી શકાય છે.

2. ઝડપી અભ્યાસ
પ્રશ્નાવલી એકસાથે ઘણા લોકો પાસે પહોંચે છે, અને ટૂંકા સમયમાં વધારે માહિતી એકત્ર થઈ શકે છે

3. ઓછા સમયમાં વધુ માહિતી
ટૂંકા સમયમાં વધારે માહિતી એકત્ર કરી શકાય છે, કારણ કે ઘણા ઉત્તરદાતા વ્યક્તિઓ એકસાથે જવાબ આપી શકે છે.

4. ઓછો ખર્ચ
પ્રશ્નાવલી છપાવીને વહેંચવાનો ખર્ચ ખૂબ ઓછો હોય છે તેથી આ પદ્ધતિ સસ્તી પડે છે.

Scanned with AnyScanner

નામ:- Rathva Jignisha Dinesh Bhai

સહી:- Jignisha

DOMS Page No.
Date / /

## મર્યાદા

1. પ્રશ્નો બનાવવામાં મુશ્કેલી
- સારા પ્રશ્નો તૈયાર કરવું મુશ્કેલ કાર્ય છે. પ્રશ્નો કેવી રીતે પૂછવા અને કઈ ભાષામાં લખવા તે મોટો પડકાર છે.

2. શિક્ષિત લોકો સુધી મર્યાદિત
અશિક્ષિત અથવા ઓછું શિક્ષણ ધરાવતા લોકો પ્રશ્નાવલી સારી રીતે સમજી શકતા નથી. તેથી યોગ્ય રીતે જવાબ આપી શકતા નથી. તેથી આ પદ્ધતિ માત્ર શિક્ષિત લોકો સુધી મર્યાદિત રહી છે.

3. અધૂરી માહિતી
- ઘણા બધા ઉત્તરદાતા પ્રશ્નોનો સંપૂર્ણ જવાબ આપતા નથી અમુક પ્રશ્નો ખાલી છોડી દે છે પરિણામે સંશોધકને અધૂરી માહિતી મળે છે

4. ઊંડા અભ્યાસમાં મુશ્કેલી
પ્રશ્નાવલી વડે વ્યક્તિના વિચારો, લાગણી અને અનુભવોને ઊંડાણપૂર્વક જાણવા મુશ્કેલ રહે છે. વ્યક્તિગત સ્પષ્ટતા ન મળવાથી સંશોધન ઉપરછલ્લું રહી જાય છે

## ઉપસંહાર:-

ઉપયુક્ત શૈક્ષણિક મનોવિજ્ઞાનના અભ્યાસ પદ્ધતિઓ દ્વારા અલગ અલગ પ્રકારના પદ્ધતિના માહિતી ખૂબ અગત્યની છે. મુલાકાત અને પ્રશ્નાવલી પદ્ધતિ દ્વારા કેવી રીતે કાર્ય કરવું તે સારી જાણકારી પ્રાપ્ત થાય છે

Scanned with AnyScanner